ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૨૩.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૭ ટકા ● સાંજે ૬૧ ટકા

**ગાંધીનગર તાપમાન**

# જિલ્લા રાસ-ગરબા સ્પર્ધામાં પ્રાચીન-અર્વાચીનમાં પનઘટ જ્યારે રાસમાં રાગા પ્રથમ







ગાંધીનગર, તા.૨૫

જિલ્લા રમત-ગમત અધિકારીની કચેરી ગાંધીનગર દ્વારા આજ રોજ બપોરના સમયે સેકટર-૧૭ ટાઉનહોલ ખાતે જિલ્લા રાસ-ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લામાંથી રાસ-ગરબાની જાણીતી ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જયારે ટાઉનહોલમાં ગરબાની અને રાસની રમઝટ જામતા અનેરો માહોલ સર્જાયો હતો. ગરબા પ્રેમીઓએ સૌ ખેલૈયાઓને તાળીઓના ગળગળાટથી વધાવી લીધા હતા. જયારે જિલ્લા કક્ષાની પ્રાચીન-અર્વાચીન ગરબાની સ્પર્ધામાં પનઘટ કલા કેન્દ્રએ પ્રથમ ક્રમ મેળવ્યો હતો, તો બીજી તરફ રાસમાં રાગા પર્ફોમીંગ આર્ટએ પ્રથમ ક્રમ હાંસલ કર્યો હતો.

શહેરના ટાઉનહોલ ખાતે આયોજીત જિલ્લા કક્ષાની ગરબા સ્પર્ધામાં જિલ્લા રમત-ગમત અધિકારી વી.બી. દત્તા અને નિર્ણાયક ગણના હસ્તે દિપ પ્રાગટય કરીને કાર્યક્રમનો શુભારંભ કર્યો હતો. આ ગરબા સ્પર્ધામાં પનઘટ કલા કેન્દ્ર, પ્રારંભ કલાવૃંદ, કલા યાત્રા, રાગા પર્ફોમીંગ આર્ટ સહિતની ટીમોએ ભાગ લીધો હતો. જયારે પ્રાચીન અને અર્વાચીન ગરબા સ્પર્ધામાં વાલમની વાત સહિયર મધ મીઠી લાગે.. અને કચ્છી ગરબો.. રાણો અજીંધો રાજને મેણું રે.. પર સ્પર્ધકોએ સુંદર રીતે ગરબા રજુ કર્યા હતા. જયારે અર્વાચીન અને પ્રાચીન ગરબા સ્પર્ધામાં પ્રથમ નંબર પનઘટ કલા કેન્દ્ર તેમજ બીજો નંબર રાગા પર્ફોમીંગ આર્ટ મેળવ્યો હતો. જયારે રાસમાં રાગા, પ્રારંભ કલાવૃંદ અને કલાયાત્રાના ખૈલેયાઓએ તરખાટ મચાવ્યો હતો. ખૈલેયાઓની રાસ જોઈ ગરબા પ્રેમીઓએ તાળીઓથી વધાવી લીધા હતા. રાસમાં પ્રથમ નંબર રાગા, બીજા નંબરે પ્રારંભ કલાવૃંદ અને ત્રીજો નંબર કલાયાત્રાએ મેળવ્યો હતો. ત્યારે આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે અમદાવાદથી બિંદુ ઉપાધ્યાય કડવે, જામનગરથી જે.સી.જાડેજા અને સુરતથી હેમાંગ વ્યાસ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## જિલ્લા કક્ષાની રાસ-ગરબા સ્પર્ધાની હવે કોઇ કક્ષા જ રહી નથી...

**કલાકારોને પ્રોત્સાહીત કરવાના મામલે પણ સરકારની નિરસતા : છેલ્લા એક દાયકાથી આ સ્પર્ધા જાણે ઘરમેળે જ આટોપી લેવાય છે : નામની એન્ટ્રીઓ જ આવે છે : સ્પર્ધા દરમિયાન પણ હું તું અને રતનિયા જેવો ઘાટ જોવા મળે છે**

કલા અને સંસ્કૃતિ ક્ષેત્રે આગવી ઓળખ ધરાવતા ગાંધીનગરમાં જિલ્લા કક્ષાની રાસ ગરબા સ્પર્ધા ભારે નિરાશાજનક માહોલમાં સંપન્ન થઈ હતી. એક દાયકા પુર્વ નગરમાં યોજાતી રાસ ગરબા સ્પર્ધા નિહાળવા માટે અમદાવાદ સહીતના શહેરમાંથી કલારસિકો આવતા હતા.પરંતુ સરકાર દ્વારા કલાકારોને પ્રોત્સાહીત કરવાના મુદ્દે ભારે નિરસતા દાખવવામાં આવતા સ્થાનિક કલાવૃંદો પણ આ સ્પર્ધામાં ભાગ લેવાના મુદ્દે ઉદાસીન બન્યા છે. જિલ્લા કક્ષાની રાસ ગરબા સ્પધામાં ભાગ લેતા કલાવૃંદોને ડ્રેસીંગ અને વાદનવૃંદની વ્યવસ્થા પણ પોતાની રીતે જ કરવાની હોય છે ત્યારે આ ખર્ચ પણ મહેનતના અંતે માથે પડે તેવી સ્થિતિ સર્જાય છે. માત્ર બે ચાર કલા સંસ્થાઓના લીધે આ સ્પર્ધા હુજ મરણપથારીએ પણ જીવંત હોય તેવુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. અનેકવિધ કલા સંસ્થાઓ અને કલાકારોથી ઉભરતા આ નગરમાં જિલ્લા કક્ષાની રાસ ગરબા સ્પર્ધામાં ભાગ લેવા માટે કલાકારોનુ મોં વંકાય છે. કલાકારો આ સ્પર્ધામાં ભાગ લેવા માટે કરતા ખર્ચની સામે ઈનામરૂપે મળતુ પ્રોત્સાહન પણ નહીંવત હોવાથી કલાકારોની નિરસતા બેવડાઈ છે. છેલ્લા એક દાયકાથી આ સ્પર્ધા જાણે ઘરમેળે જ આટોપી લેવાતી હોય તેવા દ્દશ્યો સર્જાય છે. સ્પર્ધા દરમિયાન આયોજક, નિર્ણાયક અને સ્પર્ધકો મળીને પણ હું.. તું અને રતનિયા જેવુ ચિત્ર સ્પષ્ટ થતુ નજરે પડે છે. આમ છતાં સરકારના રમતગમત અને સાંસ્કૃતિક વિભાગ આયોજિત આ સ્પર્ધાને જીવંત બનાવવા માટે કોઈ પ્રયાસ થતા નથી.

## વિધાનસભા કેન્ટીન પાસે આર્યુવેદીક ઉકાળાનું વિતરણ



હાલમાં ચાલી રહેલા ડેન્ગ્યુ, સ્વાઈન ફલુ તેમજ વાઈરલ બિમારીઓ સામે રોગ પ્રતિકારક શકિતમાં વધારો થાય તે માટે સચિવાલય સ્થિત આર્યુવેદિક દવાખાના દ્વારા વિધાનસભા કેન્ટીન પાસે અધિકારી-કર્મચારીઓને આર્યુવેદિક ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં અધિકારી-કર્મચારીઓએ હોંશભેર ઉકાળો પીધો હતો.

## શહેરના દવાખાના બે દિવસ બંધ રહેતા સિવિલમાં દર્દીઓનો ધસારો

ગાંધીનગર, તા.૨૫

છેલ્લા બે દિવસથી અસરગ્રસ્ત વેપારીઓની સાથે સેકટર-૭ના ડોકટર અને અન્ય બીજા ડોકટર્સે બંધ રાખતા ગાંધીનગર સિવિલમાં દર્દીઓનો ભારે ધસારો જોવા મળ્યો છે. ગત રોજ ૩ હજારથી પણ વધુ દર્દીઓએ સારવાર આપવામાં આવી હતી. જયારે બે દિવસની રજા બાદનો સોમવાર હોવાથી અને બેવડી સિઝન હોવાથી દર્દીઓ મોટી સંખ્યામાં સિવિલમાં સારવાર માટે દર્દીઓનો ભારે જમાવડો જોવા મળી રહ્યો છે. તો બીજી તરફ મેડીકલ, ઓર્થોપેડીક, લેબ વિભાગ, રેડીયોલોજી વિભાગ સહિત કેસ અને દવાબારી પર દર્દીઓની લાંબી કતારો જોવા મળે છે.

ગાંધીનગર શહેરના અસરગ્રસ્ત વેપારીઓએ વેપાર-ધંધા બંધ રાખવાનો બે દિવસીય નિર્ણય કર્યો હતો. જેમાં ડોકટર્સ પણ મોટી સંખ્યામાં જોડાયા હતા. શુક્ર, શનિ અને રવિવારની ત્રણ રજા અને સોમ-મંગળ ડોકટર ન હોવાથી દર્દીઓનો ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ડોકટર્સને ત્યાં દર્દી લઈને આવ્યા બાદ ખબર પડતી હતી કે દવાખાનું બંધ છે, જેથી દર્દીને તાત્કાલીક ગાંધીનગર સિવિલ લઈ જવામાં આવતા હતા. જેને પગલે સોમવારે તેમજ મંગળવારે સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની લાંબી લાઈનો લાગી હતી. જયારે સિવિલ તંત્રએ પણ દર્દીઓના ધસારાને પહોંચી વળવા માટે વધારાના કર્મચારીઓ મુકવા પડે તેવી સ્થિતિ સર્જાઈ હતી. હાલના સમયે બેવડી સિઝનને પગલે વાયરલ બિમારીઓનો ભોગ નાગરીકો બની રહ્યા છે. તાવ, ઝાડા-ઉલ્ટી, મેલેરીયા, કમળો, ટાઈફોઈડ, ડેન્ગ્યુના દર્દીઓ સામે આવી રહ્યા છે. ત્યારે સિવિલ હોસ્પિટલની ઓર્થોપેડીક, મેડીસીન, લેબોરેટરી, એકસ-રે, સોનોગ્રાફી, સહિત કેસ અને દવાબારી પર દર્દીઓની લાંબી લાઈનો લાગે છે. સિવિલમાં માત્ર સોમ અને મંગળવારના રોજ ૩ હજાર કેસ નીકાળવામાં આવ્યા છે અને દર્દીઓને સારવાર આપવામાં આવી છે. જે સામાન્ય દિવસ કરતા ડબલ થઈ જાય છે. ત્યારે દર્દીઓના ધસારાને પહોંચી વળવા માટે તંત્રના અધિકારીઓ રાત દિવસ એક કરી રહ્યા છે. જયારે કેટલાક વિભાગોમાં દર્દીઓની લાઈન ઘટાડવા માટે વધારાનો સ્ટાફ ગોઠવી દેવામાં આવ્યો છે.

## ગાંધીનગર શહેર અસરગ્રસ્ત વસાહત મહામંડળના હોદેદારોની વરણી

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેર અસરગ્રસ્ત વસાહત મહામંડળની રચના અંગે છેલ્લા પંદર દિવસથી ઈન્દ્રોડા, ધોળાકુવા, બોરીજ, પાલજ, બાસણ, આદિવાડા, તેમજ ફતેપુરા સહિતના આ ગામોના વર્ષો જુના પડતર પ્રશ્નોની સરકારમાં રજુઆત કરવા અને ચર્ચા વિચારણા કરવા માટે એક સંગઠન બનાવવા માટે બેઠકો યોજવામાં આવી હતી. જેને પગલે તાજેતરમાં ઈન્દ્રોડા ગામે ૭ ગામના આગેવાનો અને ગ્રામજનોની બેઠક મળી હતી. જેમાં ગાંધીનગર શહેર અસરગ્રસ્ત વસાહત મહામંડળની રચના કરી સર્વાનુમતે નીચે મુજબના હોદેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે ભરતસિંહ પી. બિહોલા, ઉપપ્રમુખ તરીકે જે.એફ. વાઘેલા, મહામંત્રી તરીકે બી.એલ. ઠાકોર, સંગઠન મંત્રી તરીકે રતનસિંહ એલ. બિહોલા, પૂંજાજી એન. ઠાકોર, ભરતભાઈ દિક્ષિત, કેશાજી.જી. ચાવડા, ખજાનચી તરીકે અશોકભાઈ.જી. મકવાણા, સલાહકાર તરીકે ભીખુજી.પી. બિહોલા, મેલાજી એમ. મકવાણા, વિક્રમસિંહ એફ. ગોહિલ, મઘાભાઈ.જી. પ્રજાપતિ, લાલુભાઈ દેસાઈ, સુરસંગજી એમ. ખાંટ, ગાંડાજી એમ.ખાંટ, લાલભાઈ એમ. પ્રજાપતિ, મહેન્દ્રસિંહ બિહોલા, ભગવંતસિંહ ચાવડા, હેમતુજી બી.ઠાકોર, વેચાતજી.એસ. ઠાકોર, બાલુજી એમ. ઠાકોર, કાંતિજી એસ. ઠાકોર, પ્રહલાદજી બી.ખાંટનો સમાવેશ થાય છે.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં સ્વચ્છતા અભિયાન



ગાંધીનગર, તા.૨૫

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિ ઉજવણી નિમિત્તે સ્વચ્છતા અભિયાન હેઠળ વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. સફાઈ કામગીરી પ્રવૃત્તિ અંતર્ગત યુનિવર્સિટી કેમ્પસમાં સફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. કર્મચારીઓએ સ્વયં પોતાની જગ્યાએ સફાઈ કરી હતી. જેમાં સમગ્ર સ્ટાફ જોડાયો હતો. વિદ્યાર્થીઓએ અધ્યાપકશ્રીઓના માર્ગદર્શન હેઠળ વર્ગખંડની સફાઈ કરી હતી. માધ્યમિક વિભાગના શિક્ષક હાર્દિક ભટ્ટે સફાઈ કામગીરી સંભાળી હતી.

## શિક્ષણવિદ્ ડૉ. પ્રદીપભાઈ ગગલાણીના માતૃશ્રીનું અવસાન



ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજના સંચાલક અને આચાર્ય ડૉ. પ્રદીપભાઈ ગગલાણી, જયંતભાઈ ગગલાણી (એડવોકેટ), બિપિનભાઈ ગગલાણી (એડવોકેટ) જુનાગઢના માતૃશ્રી ગં.સ્વ. પૂ. રમાબેન કાંતિલાલ ગગલાણીનું ભાદરવા સુદ ૧૪ને રવિવારે તા. ૨૩-૯-૨૦૮ના રોજ જુનાગઢ ખાતે દુઃખદ અવસાન થયેલ છે. શ્રીનાથજીનું સ્મરણ કરતાં કરતાં દિવંગત થનાર પૂ. રમાબેન જુનાગઢની ઘણી બધી શૈક્ષણિક, સામાજિક, મહિલા અને વૈષ્ણવ સમાજની જાહેર સંસ્થાઓ સાથે સક્રીય રીતે સંકળાયેલા હતા. પૂ. રમાબાના અવસાનથી ન પૂરાય તેવી ખોટ અનુભવતી ઘણી બધી સંસ્થાઓમાં શોક છવાઈ ગયો છે.

સદગતના આત્માની શાંતિ માટે જુનાગઢ મુકામે તા. ૨૭-૯-૨૦૧૮ને ગુરુવારે ભૂતનાથ હોલમાં સાંજે ૫થી ૭ કલાક દરમિયાન બેસણું રાખેલ છે. ગાંધીનગરમાં તા. ૩૦-૯-૨૦૧૮ને રવિવારે સવારે ૯ થી ૧ કલાક સુધી ઉમિયાધામ હોલ, સેકટર-૧૨માં પ્રાર્થના સભા રાખેલ છે.

## આહીર સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ યોજાયો






ગાંધીનગર, તા.૨૫

કોઈપણ હોદ્દેદારો વગરની સંસ્થા આહીર યુવા ફોરમ, ગાંધીનગર દ્વારા ગાંધીનગર આહીર સમાજના તેજસ્વી તારલાઓનો ૨૦ મો સન્માન તથા સત્કાર સમારંભ તા.૨૩મી સપ્ટેમ્બરના રોજ ટાઉન હોલ ખાતે ભવ્ય રીતે યોજાઈ ગયો.

કાર્યક્રમની શરૂઆતમાં નાના બાળકો તથા માજી મંત્રી દેવાણંદભાઈ સોલંકી, બીજ નિગમના અધ્યક્ષ રાજસીભાઈ જોટવા તથા અન્ય મહાનુભાવોના હસ્તે દિપ પ્રાગટ્ય બાદ આહીર સમાજના ધોરણ- ૧ થી ૧૨ તથા કોલેજ/યુનિવર્સિટિઓની વિવિધ ફેકલ્ટીઓના ૩૮ તેજસ્વી તારલાઓને શિલ્ડ-પારીતોષિક આપીને સન્માનવામાં આવ્યા હતા. આ ઉપરાંત નવી નિમણુંક તથા બઢતી પામેલા ૨૨ કર્મચારી/અધિકારીઓ તેમજ નિવૃત્ત થયેલા બે અધિકારીઓનું મોમેન્ટો આપીને સન્માન કરવામાં આવ્યુ હતું.

આ પ્રસંગે સમાજના આગેવાનોએ કરેલ પ્રાસંગિક પ્રવચનમાં આહીર સમાજની પ્રગતિ અને પ્રતિભાઓને બિરદાવીને ગુણવત્તાયુકત શિક્ષણ પર ભાર મુક્યો હતો. ૨૦૧૮ ના ભોજન દાતા દિનેશભાઈ દેવાણંદભાઈ સોલંકી, ટાઉન હોલ દાતા જલ્પેશભાઈ કરંગિયા, ઈનામ-શિલ્ડના દાતા રાજેશભાઈ નંદાણિયા, માઈક સ્ટીરીયોના દાતા વજસીભાઈ ભાટીયા તેમજ અન્ય મહાનુભાવોનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. નાના ભુલકાઓ દ્વારા યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ડાન્સ-સ્પીચ જેવી કૃતિઓ રજુ થતાં સમગ્ર હોલ તાળીઓના ગડગડાટથી ગૂંજી ઉઠ્યો હતો. આ તમામ બાળકોને ગીફ્ટ આપીને બિરદાવવામાં આવ્યા હતાં.

ઉલ્લેખનીય છે કે આહીર યુવા ફોરમ, ગાંધીનગર ૨૦ વર્ષથી ચાલતી સંસ્થા હોવા છતાં પ્રમુખ-મંત્રી કે કોઈ જાતના હોદ્દેદારો નથી. કાર્યક્રમને સફળ બનાવવા માટે નીતિનભાઈ ભાટીયા, લખુભાઈ જોગલ, કાળુભાઈ ગોજીયા, અશ્વિનભાઈ જાટીયા, પરબતભાઈ પોસ્તરીયા તથા જશુભાઈ કવાડ સહીત સમગ્ર ટીમ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

## પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયમાં ખેલ મહાકુંભનું ઉદઘાટન

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર મહાનગરના ખેલ મહાકુંભનું ઉદઘાટન શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયમાં કરવામાં આવ્યું હતું. જેમાં ખો-ખો, વોલીબોલ, એથ્લેટિકસ રમતો યોજાશે. ૨૪મી સપ્ટેમ્બરથી ૩૦ સપ્ટેમ્બર સુધી વિવિધ સ્પર્ધા યોજાશે. જેમાં ૫૮ ટીમોના ૭૫૦થી વધુ ખેલાડીઓ ભાગ લેશે. ૨૦ શાળાઓએ પ્રતિયોગિતામાં ભાગ લીધો હતો.

આચાર્ય યુવરાજસિંહ વાઘેલાએ સ્વાગત પ્રવચન કર્યુંહતું. કાર્યક્રમના અધ્યક્ષ અનિલભાઈ પટેલ, અધિક સચિવશ્રી ગ્રામ વિકાસ વિભાગે ઉદઘાટન કર્યુંહતું. મુખ્ય અતિથિવિશેષ જગતભાઈ કારાણી, નાયબ રમત ગમત અધિકારી રાકેશભાઈ ચૌધરી, ગાંધીનગર મહાનગર પાલિકાના વ્યાયામ મંડળના પ્રમુખ લાભુભાઈ દેસાઈ, ટ્રસ્ટી અર્જુનસિંહ વાઘેલા, શોભનાબા વાઘેલા હાજર રહ્યા હતા.

આચાર્ય યુવરાજસિંહ વાઘેલા, જગતભાઈ કારાણી, અરવિંદભાઈ રાણાએ પ્રાસંગિક પ્રવચન કરેલ હતા. પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય કબડ્ડીની ટીમ રમતોત્સવમાં સતત ઘણા વર્ષોથી પ્રથમ સ્થાન મેળવેલ છે. તેને રાજયનું પ્રતિનિધિત્વ બેંગ્લોર ખાતે કરેલ હતું જે અંગે અભિનંદન આપવામાં આવ્યા હતા.

# વેપારીઓ અને સરકારી તંત્ર વચ્ચે મધ્યસ્થી કોણ...??




ગાંધીનગર, તા.૨૫

શહેરમાં દબાણતંત્રની કામગીરીના પગલે સમગ્ર વેપારી આલમમાં ઉચાટનો માહોલ જોવા મળી રહ્યો છે. એક તરફ સરકારી તંત્ર દ્વારા નોટીસો ફટકારવામાં આવે છે ને બીજી તરફ કડક હાથે વર્ષોથી ઉભા થયેલા દબાણોને અચાનક તોડી પાડવામાં આવે છે તેવી સ્થિતિમાં વેપારીઓમાં ગભરાટ ફેલાયો છે અને ડૂબતો માણસ તરણું ઝાલે તે રીતે આ પરિસ્થિતિમાંથી બહાર આવવા વેપારી આલમ અસરકારક નેતૃત્વ શોધવા ફાંફે ચઢયું છે. પરંતુ કટોકટીના સમયે જ રાજકીય નેતાગીરી સંતાકુકડીની રમત રમી રહી હોવાનો ભાસ થતા વેપારીઓમાં નિરાશા વધતી જોવા મળી રહી છે.

શહેરના રહેણાંક વિસ્તારમાં કોમર્શિયલ દબાણોને હટાવવામાં તંત્રની કડક કાર્યવાહીના પગલે નવરાત્રી-દિવાળી જેવી સીઝનની તૈયારીના સમયે જ વેપાર-ધંધા ચોપટ થઈ જવાની સ્થિતિ સર્જાઈ છે. આ સમયે વેપારી આલમ અને સરકારી તંત્ર વચ્ચે મધ્યસ્થી બનીને આ સમસ્યાનો કોઈ વચલો માર્ગ કે વ્યાજબી ઉકેલ લાવી શકે તેવા નેતૃત્વનો અભાવ સ્પષ્ટ જણાઈ આવે છે. એક તરફ કોંગ્રસ પક્ષ દબાણ હવવાની કડક કાર્યવાહીને આગામી ૨૦૧૯ની ચુંટણીઓમાં પોતાના ફાયદારૂપે મનોમન નિહાળી રહ્યો છે તો બીજી તરફ ભાજપમાં વિવિધ જુથબંધીના કારણે ઉચ્ચ સરકારી તંત્રમાં કોણ રજુઆત કરે તે માટે પહેલ કરાતી નથી. વળી, આ સાથે વેપારી આલમમાં પણ વિવિધ વ્યવસાયિક અને વિસ્તાર મુજબ જુથવાદ જોવા મળી રહ્યો છે જેના કારણે એકતાનો અભાવ જણાઈ આવે છે. આ સંજોગોમાં ગાંધીનગરમાં કોમર્શિયલ દબાણોનો પ્રશ્ન કેવી રીતે ઉકેલાય તેનું કોકડું ગુંચવાયું છે. રહેણાંક પ્લોટમાં કોમર્શિયલ દબાણો હટાવવા જ જોઈએ પરંતુ કોમર્શિયલ કોમ્પ્લેક્ષોમાં થયેલા દબાણો અંગે કેટલીક બાંધછોડ સાથે કોઈ વચલો રસ્તો કાઢવામાં આવે તેવું પણ કેટલાક વેપારીઓ ઈચ્છી રહ્યા છે. હાલ તો તંત્રની કડક કાર્યવાહીના કારણે જેનું તુટે છે તે બીજા તરફ આંગળી ચીંધે છે તેથી પરિસ્થિતિ વધુ વણસી રહી છે.

## ચિરવિદાય

- સ્વ. રઘુનાથભાઈ સરતાનભાઈ દેસાઈ, ઉ.વ. ૭૦
- સ્વ. પટેલ રણછોડભાઈ મોતીભાઈ, ઉ.વ. ૭૫